નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ–

**આંક–૩૮**

**ફોર્મ–'એ'**

| |
|---|
| **અમદાવાદ શહેરનાં મે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ નં.૬, અમદાવાદ શહેર સમક્ષ.** |
| **એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ જજ.** |
| **[ચુકાદાની તારીખઃ ૧૭/૦૫/૨૦૨૩]** |
| **[ સેશન્સ કેસ નં.૨૫૧/૨૦૧૯]** |
| **(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)** |
| ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૫૬/૨૦૦૭ |
| ગુનોઃ– **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ.** |
| પોલીસ સ્ટેશનઃ– ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ પ્રતાપજી વિહાજી ઠાકોર) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એન.બી.ચૌહાણ |
| આરોપી | વિજય ઉર્ફે અંગો સન ઑફ વનરાજ લાખાભાઈ દંતાણી,<br>ઉ.વ.૨૦,<br>રહે. રમેશભાઈની ખાડાવાળી ચાલી, ચંદ્રભાગા સોસાયટીની સામે, ખોડીયારનગર, ઓઢવ, અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી એસ. એફ. મલેક |

**ફોર્મ–'બી'**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૧૦–૬–૨૦૦૭ |
| ફરિયાદની તારીખ | તા.૨૧–૬–૨૦૦૭ |
| ચાર્જશીટની તારીખ | તા.૫–૧૧–૨૦૦૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૧૩–૯–૨૦૨૨ |

| | |
|---|---|
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૭–૧૨–૨૦૨૨ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૧૭–૫–૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | તા.૧૭–૫–૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

**<u>આરોપીઓની વિગતઃ</u>–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર | શું સજા કરી | સીઆર.પી. સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિજય ઉર્ફે અંગો સન ઑફ વનરાજ લાખાભાઈ દંતાણી | ૨૨/૦૭/ ૨૦૦૭ | ૨૭/૧૨/ ૨૦૦૭ | ઈ.પી.કો.ક. ૩૬૩,૩૬૬, ૩૭૬ | નિર્દોષ | –– | –– |

**<u>ફોર્મ–'સી'</u>**

**<u>ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં શાહેદોનું લીસ્ટ.</u>**

**<u>એ.</u> <u>ફરિયાદ પક્ષ તરફેઃ</u>–**

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| ૧ | પ્રતાપજી વિહાજી ઠાકોર (આંક–૧૨) | ફરિયાદી |
| ૨ | ભોગ બનનાર (આંક–૧૪) | ભોગ બનનાર |
| ૩ | ડૉ. રામલખન નુનમન બરનવાલ (આંક–૧૭) | આરોપીની શારીરિક તપાસણી કરી નમૂના લેનાર ડૉક્ટર શાહેદ. |
| ૪ | પ્રવિણકુમાર અંબાલાલ વસાવા(આંક–૨૧) | પંચ શાહેદ |
| ૫ | ભરતભાઈ વનરાજભાઈ પટેલ (આંક–૨૫) | પંચ શાહેદ |
| ૬ | ડૉ.મનીષ ચીમનલાલ સુતરીયા(આંક–૨૬) | ભોગ બનનારની શારીરિક તપાસણી કરી નમૂના લેનાર ડૉક્ટર શાહેદ. |

| | | |
|---|---|---|
| ૭ | અંદરસિંહ દાજીભાઈ બારીઆ(આંક–૩૦) | ગુનો રજીસ્ટર કરનાર પી.એસ.ઓ. |

## બી. બચાવ પક્ષનાં શાહેદો, જો કોઈ હોય તોઃ–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં શાહેદો, જો કોઈ હોય તોઃ–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તરફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૩ | અસલ ફરિયાદ, તા.૨૧–૬–૨૦૦૭ |
| ૨ | ૧૪ | ભોગ બનનારનાં શાળા છોડ્યાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ. |
| ૩ | ૧૮ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદને ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા આરોપીની સારવાર કરી સારવાર સર્ટી આપવા બાબતે લખવામાં આવેલ પોલીસ યાદી. |
| ૪ | ૧૯ | આરોપીનાં સારવાર સર્ટિફિકેટની સ્થળપ્રત. |
| ૫ | ૨૨ | આરોપીનું શરીરસ્થિતિનું તથા આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડાં કબજે કર્યાનું પંચનામું. |
| ૬ | ૨૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ માંથી નિકળેલ પંચ સ્લીપ. |
| ૭ | ૨૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૬ માંથી નિકળેલ પંચ સ્લીપ. |
| ૮ | ૨૭ | સિવિલ હોસ્પિટલ, અમદાવાદને ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા ભોગ બનનારની સારવાર કરી સારવાર સર્ટી આપવા બાબતે લખવામાં આવેલ પોલીસ યાદી. |
| ૯ | ૨૮ | ભોગ બનનારનાં સારવાર સર્ટિફિકેટની સ્થળપ્રત. |

| | | |
|---|---|---|
| ૧૦ | ૩૧ | ચાર્જ અમલદારનો રિપોર્ટ. |
| ૧૧ | ૩૨ | ઈ.પી.કો. કલમ–૩૭૬ નો ઉમેરો કરવાનો પોલીસ રિપોર્ટ. |
| ૧૨ | ૩૩ | ભોગ બનનારનાં કપડાં કબજે કર્યાનું પંચનામું. |
| ૧૩ | ૩૪ | મુદ્દામાલ રવાનગી નોંધ. |
| ૧૪ | ૩૫ | એફ. એસ. એલ.ની પહોંચ. |
| ૧૫ | ૩૬ | ફોરવર્ડીંગ સાથેનો એફ.એસ.એલ.નો મુદ્દામાલ પૃથક્કરણ અહેવાલ. |

## બી. બચાવ પક્ષ તરફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## ડી. મુદ્દામાલઃ–

| અનુક્રમ નંબર | મુદ્દામાલ નંબર | વર્ણન |
|---|---|---|
| **મુદ્દામાલ પાવતી નં.૨૧૮/૦૭** | | |
| ૧ | મુદ્દામાલ આર્ટીકલ નં.૧ | ભોગ બનનારનો કુર્તો–૧ |
| ૨ | મુદ્દામાલ આર્ટીકલ નં.૨ | ભોગ બનનારનો પાયજામો–૧ |
| ૩ | મુદ્દામાલ આર્ટીકલ નં.૩ | ભોગ બનનારનો દુપટ્ટો–૧ |
| ૪ | મુદ્દામાલ આર્ટીકલ નં.૪ | ભોગ બનનારનો જાંગીયો–૧ |
| **મુદ્દામાલ પાવતી નં.૨૨૧/૦૭** | | |
| ૫ | મુદ્દામાલ આર્ટીકલ નં.૫ | આરોપીનો શર્ટ–૧ |
| ૬ | મુદ્દામાલ આર્ટીકલ નં.૬ | આરોપીનું પેન્ટ–૧ |

## -: ચુકાદો :-

(૧) નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષના **(સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂદ્ધ પુતારાજા) ૨૦૦૪(૧) એસ.આર.જે. ૧૧૧** ના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંત મુજબ બળાત્કારના કેસમાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં કોઈપણ જગ્યાએ જાહેર કરવું જોઈએ નહીં. જેથી આ જજમેન્ટમાં ભોગ બનનારનું નામ કોઈ જગ્યાએ જાહેર કરવામાં આવેલું નથી તેમજ તેણીને '**ભોગ બનનાર**' તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી પ્રતાપજી વિહાજી ઠાકોર -નાઓએ તા.૨૧/૦૬/૨૦૦૭ ના રોજ પોલીસ સબ ઈન્સ્પેકટર, ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર-નાઓ રૂબરૂ હાલના ગુના અંગેની ફરિયાદ નોંધાવેલી, જે અસલ ફરિયાદ આ કામે આંક-૧૩ થી રજૂ થયેલ છે, જે ફરિયાદની હકીકત એવા પ્રકારની છે કેઃ-

" ...ભોગ બનનાર ત્રીજા નંબરની દિકરી છે જેનો જન્મ તા.૬/૨/૯૨ નો છે જે ધોરણ-૬ સુધી ભણેલી છે. ગઈ તા.૧૦/૬/૦૭ ના રોજ હું તથા મારી પત્ની લીલાબેન અમો બંન્ને જણા સિંગરવા મંદિરે દર્શન કરવા માટે ગયેલા અને મારી દીકરી ભોગ બનનારને જમવાનું બનાવવાનું કહીને ગયેલા અને સાંજના આશરે છએક વાગ્યાના સુમારે ઘરે પરત આવતાં મારા ઘરે તાળું મારેલ હતું અને અમારા પડોશી કોકિલાબેનને પુછતાં જણાવેલુ કે મને ભોગ બનનાર ચાવી આપીને ગઈ છે અને કહીને ગયેલ કે હું ફરાળી ચેવડો લઈને આવું છું તેવું બપોરના આશરે બે વાગ્યાના સુમારે કહીને ગયેલ. જેથી મારી દિકરી ભોગ

બનનારની મારા સગા–સંબંધીઓમાં તપાસ કરેલ પરંતુ મળી આવેલ નહી અને આજ રોજ મને ખબર પડેલ કે અંગા નામનો છોકરો આ મારી દિકરીને ભગાડી લઇ ગયેલ છે જેના બાપના નામ–ઠામની ખબર નથી કે તે કયાં રહે છે તેની પણ મને ખબર નથી. અને આ વાત મને અંગાના બનેવી ભગુભાઇ કે જે કઠવાડા જી.આઇ.ડી.સી. સિમેન્ટની ટ્રકો ખાલી કરે છે તેમને કહેલી અને ભગુભાઈએ જણાવેલ કે તેના મામા વાસણા કુટનો ધંધો કરે છે ત્યાં હોઈ શકે ત્યાં તપાસ કરો જેથી ત્યાં તપાસ કરતા તેના મામાની દિકરી લક્ષ્માબેન જે કુટનો ધંધો કરે છે તેણે મને જણાવેલું કે આ અંગો મારો કૌટુંબિક ભાઇ થાય છે અને તમને તપાસ કરી તમારી દિકરી તમોને સોંપી દઇશ તેમ કહેતાં અમો તેની રાહ જોતાં હતાં અને તેણે આવીને કહેલ કે આ લોકો મને મળી આવેલ નથી. અને આ મારી દિકરીએ કાળી ડીઝાઈન વાળો પંજાબી ડ્રેસ પહેરેલ છે જે ગુજરાતી હિન્દી ભાષા જાણે છે જેણે શરીરે દર–દાગીના પહેરેલ નથી જેથી આ અંગો મારી દિકરી ભોગ બનનારને લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયેલ હોય મારી તેના વિરૂદ્ધ કાયદેસર તપાસ થવા ફરીયાદ છે..."

(૩) ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદને આધારે હાલના આરોપી વિરૂદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૫૬/૨૦૦૭ થી તા.૨૧–૬–૨૦૦૭ ના રોજ ઈ. પી. કો. કલમ–૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તા.૨૨–૭–૨૦૦૭ ના રોજ મે. મેટ્રોપોલીટન મેજી.શ્રી, કોર્ટ નં.૨૦, અમદાવાદ શહેર સમક્ષ ઈ. પી. કો. કલમ–૩૭૬ નો ઉમેરો કરવાનો રિપોર્ટ કરેલ, જે એફ.આઈ.આર.

સાથે રાખવાનો હુકમ વિદ્ધાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી દ્ધારા તા.૨૨–૭–૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસનાં અંતે હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા પૂરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનું ચાર્જશીટ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૨૦, અમદાવાદ શહેર સમક્ષ તા.૭–૧૧–૨૦૦૭ ના રોજ દાખલ કરેલ, જે ચાર્જશીટને રજીસ્ટરે લઈ, તા.૭–૧૧–૨૦૦૭ ના રોજ ક્રિમીનલ કેસ નં.૧૬૬૨/૨૦૦૭ આપવામાં આવેલ. ત્યારબાદ ક્રિમીનલ કેસ નં.૧૬૬૨/૨૦૦૭ ના કામે વિદ્ધાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓએ હાલના આરોપીને તેમની રૂબરૂ હાજર કરી, આરોપીની આંક–૮ થી પ્લી લઈ, આરોપીને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો મળ્યાની ખરાઈ કરી, સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને તેઓને આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, વિદ્ધાન મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓએ તા.૨૩–૧–૨૦૧૯ ના રોજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે હાલનો કેસ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરતો હુકમ કરેલ. ત્યારબાદ વિદ્ધાન એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૨૦, અમદાવાદ–નાઓએ તેમના જાવક નંબર ૪૧૧/૨૦૧૯, તા.૧૮–૭–૨૦૧૯ વાળા ફોરવર્ડીંગ લેટરથી ક્રિમીનલ કેસ નં. ૧૬૬૨/૨૦૦૭ નું અસલ રેકર્ડ વધુ ઈન્સાફી કાર્યવાહી સારુ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને મોકલી આપેલ, જે આધારે અત્રે સિટી સિવિલ

એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ–માં સદર કેસને **સેશન્સ કેસ નં.૨૫૧/૨૦૧૯** આપી, તા.૧૮–૭–૨૦૧૯ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૪) આરોપી સામેનો કેસ સેશન્સ કમીટ થઈ સૌપ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેના વિદ્વાન જજશ્રી, સિટી સેશન્સ કોર્ટ નં.૬, અમદાવાદ શહેર–નાઓને ટ્રાન્સફર થયેલ અને ત્યારબાદ મારાં અન્ય પુરોગામી વિદ્વાન જજશ્રીઓને આ કેસ ટ્રાન્સફર થયેલ અને ત્યારબાદ તા.૨૦–૭–૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટમાં આ કેસ ટ્રાન્સફર થયેલ છે. અત્રેની કોર્ટે હાલના આરોપીને કોર્ટ રૂબરૂ હાજર કરાવી, આરોપી વિરૂદ્ધ આંક–૭ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ સબબનું તહોમતનામું ફરમાવી, આરોપીને સદર તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી, તે અંગે આરોપીનો આંક–૮ થી જવાબ નોંધતા, આરોપીએ તેમની સામેના તહોમતોનો ઈન્કાર કરતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કામે હાલના આરોપી વિરૂદ્ધ આંક–૭ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામામાં આ કામના આરોપી વિરૂદ્ધ એવું તહોમત મૂકવામાં આવેલ છે કેઃ–

" ...તમો આરોપીએ આ કામના ફરિયાદી પ્રતાપજી વિહાજી ઠાકોરની દીકરી/ભોગ બનનાર, ઉ.વ.૧૬ (જે સંબંધે તમો આરોપીને મૌખિક સમજ આપવામાં આવી છે)ને તા.૧૦–૬–૨૦૦૭ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે

ફરિયાદીનાં મકાન ઓઢવ, શક્તિનગર મંદિરયું રોહિતવાસની સામેથી લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ, ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ –અલગ સમયે બળાત્કારે સંભોગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હકૂમતમાં કરેલ છે.

ઉપરોક્ત ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા મને હોઈ, તમો આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુના સંબંધેની ઈન્સાફી કાર્યવાહી આ અદાલતમાં ચલાવવાનો હું આદેશ ફરમાવું છું..."

(૬) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ '**ફોર્મ–સી**'નાં ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાનાં વર્ણનનું પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી અત્રે પુરાવાનું વર્ણન ફરીથી કરવામાં આવતું નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૭) ફરિયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ આંક–૩૭ થી ક્લોઝીંગ પુરશીષ રજૂ કરી, સદરહુ કામે હવે કોઈ પુરાવા રજૂ કરવાના બાકી રહેતા ન હોઈ, પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીને બચાવ અંગે વાજબી તક મળી રહે તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષનાં પુરાવાનો ઈન્કાર કરી, તેઓને જાતે જુબાની આપવી

નથી અને બચાવનાં શાહેદો તપાસવા નથી તેવું જણાવી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે, તેઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી.

(૮) ફરિયાદ પક્ષ તરફે વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એન. બી. ચૌહાણની મૌખિક દલીલો સાંભળેલ છે. જ્યારે આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી એસ. એફ. મલેકની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૯) બંને પક્ષની દલીલો, તેમજ રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની દીકરી ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં આ કામના આરોપીએ ભોગ બનનારને તા.૧૦-૬-૨૦૦૭ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીનાં મકાન ઓઢવ, શક્તિનગર મંદિરચું રોહિતવાસની સામે, અમદાવાદ શહેર મુકામેથી લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ, ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ-અલગ સમયે બળાત્કારે સંભોગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો</u>**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૧૧) ઉપરોક્ત મુદ્દાઓનાં નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ-

## –: કારણો :–

**મુદ્દા નં.૧:–**

(૧૨) વિદ્વાન એ. પી. પી. શ્રી એન. બી. ચૌહાણ–નાઓએ તેમની મૌખિક દલીલમાં ભારપૂર્વક જણાવેલ છે કે, ફરિયાદીની દીકરી ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં આ કામના આરોપીએ ભોગ બનનારને તા.૧૦–૬–૨૦૦૭ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીનાં મકાન ઓઢવ, શક્તિનગર મંદિરયું રોહિતવાસની સામે, અમદાવાદ શહેર મુકામેથી લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ જઈ, ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ –અલગ સમયે બળાત્કારે સંભોગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ આ કામના આરોપીએ કરેલાનું ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી સાબિત કરેલ છે, તેથી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાં દોષિત ઠરાવી, મહત્તમ સજા કરવા રજૂઆત કરેલ છે.

(૧૩) આરોપીનાં વિદ્વાન વકીલ શ્રી એસ. એફ. મલેકએ મૌખિક દલીલોમાં ભારપૂર્વક જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફે શાહેદ નં.૧ તરીકે ભોગ બનનારનાં પિતા અને આ કામના ફરિયાદી એવા પ્રતાપજી વિહાજી ઠાકોરને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસેલા છે, જેઓને ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને આ ફરી ગયેલા જાહેર થયાં બાદ વિદ્વાન

એ.પી.પી.શ્રીએ ફરિયાદીની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો આપેલો નથી. તે સંજોગોમાં સદર ફરિયાદીની જુબાનીથી આંક–૧૩ વાળી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. વધુમાં, આ કામે ફરિયાદ પક્ષ તરફે શાહેદ નં.૨ તરીકે ભોગ બનનારને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેણીને પણ ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને આ ફરી ગયેલા જાહેર થયાં બાદ વિદ્વાન એ.પી.પી.શ્રીએ ભોગ બનનારની ઊલટતપાસ કરવા છતાં ભોગ બનનારે ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતો પુરાવો આપેલો નથી. તે સંજોગોમાં જ્યારે ખુદ ભોગ બનનાર જ ફરી ગયેલા જાહેર થયેલા હોય અને ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય ત્યારે આરોપીને સજા કરી શકાય નહીં. પંચ શાહેદો ફરી ગયેલા છે. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મુદ્દામાલ પૃથક્કરણ રિપોર્ટમાં પણ આરોપી વિરૂદ્ધનો કોઈ પુરાવો મળી આવેલો નથી. તેથી ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૧૪) આ કામના આરોપી વિરૂદ્ધ આંક –૭ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે માંહેના તહોમતો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષ તરફે આંક –૧૪ થી શાહેદ નં.**૨** તરીકે **ભોગ બનનાર**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેણીએ તેણીની સોગંદ ઉપરની જુબાનીની **સરતપાસ**માં એવું જણાવેલું છે કે, " સને–૨૦૦૭ની સાલમાં હું ઓઢવ ગામ શકિતનગર,

મંદીરીચુ રોહિતવાસની સામે ઓઢવ, અમદાવાદ ખાતે મારા માતા–પિતા સાથે રહેતી હતી. મારા પિતા તે વખતે રીક્ષા ડ્રાઈવીંગ કરતા હતા. અમે ત્રણ બહેનો અને એક ભાઇ છીએ. મારી જન્મ તારીખ હાલ મને યાદ નથી પરંતુ મારી તબિયત ખરાબ રહેતી હોવાથી મને ખૂબ જ મોડી ભણવા મુકેલી. હું ભણવામા નબળી હોવાથી મારા માતા પિતાએ મને ઠપકો આપતા હું મારા ફઈને ત્યાં રહેવા જતી રહેલી. મને કોઈ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયેલ નથી કે મારી સાથે કોઇએ કોઈ દુષ્કૃત્ય કરેલુ નથી. મને મારી ભુલ સમજાતા હું ઘરે પરત આવી ગયેલી. મારી ઉંમર પુખ્તવયની થતા મારા પિતાજીએ મને પરણાવેલ. આરોપી મારા પતિ થાય છે જેથી તેમને હું ઓળખું છું. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૦૧ થી ૪ કે સીલબંધ હાલતમા છે તે નામ.કોર્ટની પરવાનગીથી ખોલીને વારાફરતી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાંથી કપડા નીકળેલ છે જે જોઈને કહું છું કે તે કપડા મારા નથી કે મે પોલીસને આપેલા નથી. મારા પિતાએ મારા ગુમ થયા બાબતે ફરિયાદ આપેલી અને તે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી."

આમ, ભોગ બનનારે તેમની સરતપાસમાં ઉપરોક્ત મુજબની હકીકતો જણાવતા, તેણી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ, તેણીને **ફરી ગયેલા શાહેદ** તરીકે જાહેર કરી, વિદ્વાન એ.પી.પી.શ્રીને તેણીની ઊલટતપાસ કરવાની પરવાનગી આપતા, વિદ્વાન એ.પી.પી.શ્રી તરફેની ઊલટતપાસમાં પણ આ ભોગ બનનારે ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો જણાવેલી નથી.

જ્યારે, આરોપી તરફેની ઊલટતપાસમાં ભોગ બનનારે એવું જણાવેલું છે કે,"એ વાત ખરી છે કે મારા પિતાએ મારો જન્મ સને–૧૯૯૨ મા થયેલો હોવાનુ બતાવતો દાખલો રજૂ કરેલો નથી. એ વાત ખરી છે કે હું રીસાઇને મારા ફઇના ઘરે જતી રહેલી. એ વાત ખરી છે કે હાલના આરોપી સાથે કયારેય ગયેલી નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીએ મારી સાથે કોઇપણ પ્રકારનું દુષ્કૃત્યુ કરેલુ નથી કે લલચાવી, ફોસલાવીને ભગાડીને લઇ ગયેલાં નથી. એ વાત ખરી છે કે પોલીસે મને નિવેદન વાંચી સંભળાવેલ નહિ કે મે વાંચેલ નહિ. એ વાત ખરી છે કે હું આજરોજ જુબાની મારી સ્વેચ્છાએ કોઇપણ પ્રકારની લોભ, લાલચ, ધમકી વગર આપુ છું."

આમ, ભોગ બનનારની જુબાનીની સરતપાસની ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતાં, તેણી ભણવામાં નબળી હોવાથી તેણીના માતા પિતાએ તેણીને ઠપકો આપતા તેણી તેણીના ફઇને ત્યાં રહેવા જતી રહેલી. તેણીને કોઇ લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઇરાદે ભગાડીને લઇ ગયેલ નથી કે તેણી સાથે કોઇએ કોઇ દુષ્કૃત્ય કરેલું નથી. જ્યારે આરોપી તરફેની ઊલટતપાસમાં આ ભોગ બનનારે એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેણી રીસાઇને તેણીના ફઇના ઘરે જતી રહેલી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, હાલના આરોપી સાથે કયારેય ગયેલી નથી. આ કામના આરોપીએ તેણી સાથે કોઇપણ પ્રકારનું દુષ્કૃત્યુ કરેલું નથી કે લલચાવી, ફોસલાવીને ભગાડીને લઇ ગયેલાં નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેણીને નિવેદન વાંચી સંભળાવેલ નહિ કે તેણીએ વાંચેલ નહિ. આમ, ભોગ બનનારની જુબાનીની સદર સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં, ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં આ કામના

આરોપીએ ભોગ બનનારને તા.૧૦–૬–૨૦૦૭ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીનાં મકાન ઓઢવ, શક્તિનગર મંદિરચું રોહિતવાસની સામે, અમદાવાદ શહેર મુકામેથી લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ હોય કે ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ –અલગ સમયે આરોપીએ બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર મળી આવતું નથી. તે સંજોગોમાં આ ભોગ બનનારની જુબાની ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય તેમ નથી.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૨ થી શાહેદ નં.**૧** તરીકે ભોગ બનનારનાં પિતા અને ફરિયાદી એવા પ્રતાપજી વિહાજી ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ ફરિયાદીએ તેમની **સરતપાસ**માં એવું જણાવેલ છે કે,"... મારા સંતાનમા ત્રણ દીકરી અને એક દિકરો છે. જેમાં ભોગ બનનાર ત્રીજા નંબરની દિકરી છે. મારી ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ હાલ મને યાદ નથી પરંતુ તેણીની તબિયત ખરાબ રહેતી હોવાથી ખૂબ જ મોડી ભણવા મુકેલી. મારી દીકરીને ભણવામાં રસ ન હોવાથી તેને વારંવાર ઠપકો આપતા હોવાથી તે અમારા સગાને ત્યાં કહ્યા વગર રીસાઇને ચાલી ગયેલી પરંતુ બાદમા તેણીની ભુલ સમજાતા ઘરે પરત આવી ગયેલી અને તે વખતે તેને પુછતાં તેણીની સાથે કોઇ દુષ્કૃત્ય થયુ હોય અને કોઇ લલચાવી, ફોસલાવીને ભગાડી ગયેલ હોય તેવુ બનેલુ ન હોવાનું જણાવેલું. આ સિવાય કોઈ બનાવ બનેલો નહિ. મારી દીકરીને તેની પુખ્તવયની થતા પરણાવેલ.આરોપી મારા જમાઇ થતા હોવાથી હું તેને ઓળખું છું. મને નિ.૯/૧ વાળી ફરિયાદ બતાવવામા આવે છે તે જોઇને કહું છું કે

તેમાં મારી સહી છે.જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ આંકઃ–૧૩ આપવામાં આવે છે. મારી દીકરી ગુમ થયા બાબતની મે ફરિયાદ આપેલી. તે વખતે તેના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ મે પોલીસને આપેલ. મને નિ.૯/૨વાળુ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે તે જોઇને કહું છું કે તે મે પોલીસને આપેલી તે જ છે. જે હું ઓળખી બતાવું છું. જેને આંક આપવા સામે બચાવપક્ષને વાંધો ન હોય જેને રજૂ દાખલ આંકઃ–૧૪ આપવામાં આવે છે."

આમ, સદર ફરિયાદીએ તેઓની સરતપાસમાં ઉપરોક્ત મુજબની હકીકતો જણાવતા, આ ફરિયાદી ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ, તેઓને **ફરી ગયેલા શાહેદ** તરીકે જાહેર કરી, વિદ્વાન એ.પી.પી.શ્રીને તેઓની ઊલટતપાસ કરવાની પરવાનગી આપતા, વિદ્વાન એ.પી.પી.શ્રી તરફેની ઊલટતપાસમાં પણ આ ફરિયાદીએ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો જણાવેલી નથી.

જ્યારે, આરોપી તરફેની ઊલટતપાસમાં આ ફરિયાદીએ એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે મે મારી દિકરીનો જન્મ સને–૧૯૯૨ મા થયેલો હોવાનુ બતાવતો દાખલો રજૂ કરેલો નથી. એ વાત ખરી છે કે મે તપાસ કરતા મને એવી જાણ થયેલી કે મારી દીકરી મારા બહેનના ઘરે જતી રહેલી. એ વાત ખરી છે કે મારી દીકરી હાલના આરોપી સાથે કયારેય ગયેલી નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપીએ મારી દીકરી સાથે કોઈપણ પ્રકારનું દુષ્કૃત્યુ કરેલુ નથી કે લલચાવી, ફોસલાવીને ભગાડીને લઇ ગયેલાં નથી. એ વાત ખરી છે કે પોલીસે મને ફરિયાદ વાંચી સંભળાવેલ નહિ કે મે વાંચેલ નહિ. એ વાત ખરી છે કે

હું આજરોજ જુબાની મારી સ્વેચ્છાએ કોઈપણ પ્રકારની લોભ, લાલચ, ધમકી વગર આપુ છું."

આમ, સદર ફરિયાદીની જુબાનીની સરતપાસની ઉપરોક્ત હકીકતો લક્ષમાં લેતાં, તેમની દીકરીને ભણવામાં રસ ન હોવાથી તેને વારંવાર ઠપકો આપતા હોવાથી તે તેમના સગાને ત્યાં કહ્યા વગર રીસાઈને ચાલી ગયેલી પરંતુ બાદમા તેણીની ભુલ સમજાતા ઘરે પરત આવી ગયેલી અને તે વખતે તેને ફરિયાદીએ પુછતાં, તેણીની સાથે કોઇ દુષ્કૃત્ય થયું હોય અને કોઇ લલચાવી, ફોસલાવીને ભગાડી ગયેલ હોય તેવું બનેલુ ન હોવાનું ભોગ બનનારે ફરિયાદીને જણાવેલું. આ સિવાય કોઈ બનાવ બનેલો નહિ. જ્યારે આ ફરિયાદીએ આરોપી તરફેની ઊલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલો છે કે, તેમણે તપાસ કરતા તેમને એવી જાણ થયેલી કે તેમની દીકરી આ ફરિયાદીનાં બહેનના ઘરે જતી રહેલી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની દીકરી હાલના આરોપી સાથે કયારેય ગયેલી નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામના આરોપીએ તેમની દીકરી સાથે કોઈપણ પ્રકારનું દુષ્કૃત્યુ કરેલું નથી કે લલચાવી, ફોસલાવીને ભગાડીને લઈ ગયેલાં નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને ફરિયાદ વાંચી સંભળાવેલ નહિ કે તેમણે વાંચેલ નહિ. આમ, આ ફરિયાદીની સરતપાસ તથા ઊલટતપાસની ઉપરોક્ત સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં, ફરિયાદીની જુબાનીથી આંક–૧૩ વાળી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળતું નથી. તે સંજોગોમાં ભોગ બનનાર સગીરવયની હોવાનું જાણતા હોવા છતાં આ કામના આરોપીએ ભોગ બનનારને તા.૧૦–૬–૨૦૦૭ ના કલાક ૧૪:૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીનાં મકાન ઓઢવ, શક્તિનગર મંદિરયું

રોહિતવાસની સામે, અમદાવાદ શહેર મુકામેથી લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ હોય કે ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ-અલગ સમયે આરોપીએ બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર મળી આવતું નથી. તે સંજોગોમાં આ ફરિયાદીની જુબાની ઉપર આધાર રાખીને પણ આરોપીને સજા કરી શકાય તેમ નથી.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે આંક-૨૧ થી શાહેદ નં.૪ તરીકે પંચ શાહેદ પ્રવિણકુમાર અંબાલાલ વસાવાને તથા આંક-૨૫ થી શાહેદ નં.૫ તરીકે બીજા પંચ શાહેદ ભરતભાઈ વનરાજભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે. સદર બન્ને પંચ શાહેદો તે આંક-૨૨ વાળા આરોપીનાં શરીરસ્થિતિ તથા આરોપીનાં કપડાં કબજે કર્યાના પંચનામાનાં પંચ શાહેદો છે. આ બન્ને પંચ શાહેદો ફરી ગયેલા શાહેદો છે. આ બન્ને પંચ શાહેદોની ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ઊલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં સદર બન્ને પંચ શાહેદોની જુબાનીઓથી આંક-૨૨ વાળા આરોપીનાં શરીરસ્થિતિ તથા આરોપીનાં કપડાં કબજે કર્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં સદર બન્ને પંચ શાહેદોની જુબાનીઓ પણ ફરિયાદ પક્ષને મદદરૂપ બનતી નથી.

(૧૭) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૨૬ થી શાહેદ નં.૬ તરીકે ડૉ. મનીષ ચીમનલાલ સુતરીયાને સોગંદ ઉપર તપાસેલા છે. સદર શાહેદે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે," હું તા.૧૯/૦૭/૨૦૦૭ ના રોજ સિવીલ

હોસ્પિટલ, અમદાવાદ ખાતે મારી મેડીકલ ઓફિસર તરીકેના ફરજ ઉપર હાજર હતો ત્યારે ઓઢવ પોલીસ સ્ટેશનની યાદી સાથે ડબલ્યુ પી.સી. બ.નં.૬૪૦૬ દ્વારા એક ભોગ બનનારને શારીરિક તપાસ માટે રાત્રીના ૨:૦૦એ.એમ. કલાકે લાવવામા આવેલાં. ભોગ બનનારની લેખિત સંમતિ સાથે શારીરિક તપાસ કરતા નીચે મુજબના ઓળખ ચિહ્નો જણાયેલ.

– ડાબા ગાલે એક કાળો તલ હતો.

– જમણા હાથ ઉપર એક KT વિજય લખેલુ ટેટુ માર્ક હતું.

ભોગ બનનારે બનાવ અંગે હિસ્ટ્રી જાતે લખાવેલી જે મુજબ, “હું વિજયને છેલ્લા બે વર્ષથી ઓળખુ છું. તે મારી સામે રહેતો હતો. અમે તા.૦૯/૦૬/૨૦૦૭ ના રોજ વાસણા વિજયની બહેન સાથે રોડ ઉપર રહ્યા, પાંચ દિવસ વાસણા બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર ફુટપાથ પર રોકાયા. દિવસ દરમ્યાન વાસણા બગીચામા બેસતા હતા અને રાત્રે ફુટપાથ પર સુઇ જતા હતા. વાસણા (અંજલિ ચાર રસ્તા પાસે) ત્રણ દિવસ માટે રૂમ ભાડે રાખેલો હતો. ત્યારબાદ ચાંદલોડીયા મહાદેવ નગર રૂમ રાખીને ભાડે રહ્યા. ચાંદલોડીયા એક મહિનો રોકાયા. તા.૧૭/૦૭/૨૦૦૭ ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે ઓઢવ ભીક્ષુક ગૃહ ખાતે મારા પપ્પા પાસે એકલી ગયેલી હતી. ભીક્ષુક ગૃહથી મારા ઘરે ગયા હતાં. તા.૧૮/૦૭/૨૦૦૭ ના રોજ સવારે ઓઢવ પોલીસ સ્ટેશન ગયા. આ સમય દરમ્યાન વાસણા ખાતે તથા ચાંદલોડીયા ખાતે મારી સંમતિથી વિજય સાથે ઘણીવાર શારિરીક સંબંધ બાંધેલ છે. પ્રથમ વાર શારીરિક સંબંધ વાસણા ખાતે તા.૧૦/૦૬/૨૦૦૭ ના રોજ રાખેલો હતો. ત્યારબાદ છેલ્લી વાર ચાંદલોડીયા ખાતે તા.૦૯/૦૭/૨૦૦૭ ના રોજ રાત્રે બાર વાગ્યા આસપાસ

મહાદેવનગર ચાંદલોડીયા ખાતે રાખેલ હતો." ભોગ બનનારે તા.૧૮/૦૭/૨૦૦૭ ના રોજ છેલ્લે સ્નાન કરેલું. બનાવ દરમ્યાન ભોગ બનનારે પહેરેલા કપડા પોલીસ કસ્ટડીમાં લેવામા આવેલાં. ભોગ બનનાર સંપૂર્ણ ભાનમા હતાં. તેમની શારીરિક તપાસમા નીચે મુજબની હકીકત જણાયેલી.

– તેમના ગૌણ જાતીય લક્ષણો પૂર્ણ વિકસીત હતાં.

– તેમના શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર કોઇ બાહ્ય ઈજાના ચિહ્ન ન હતાં.

– તેમના શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર લોહિ, કાદવ કે વીર્યના ડાઘ ન હતાં.

– ગુપ્તભાગના વાળ ચોંટેલા ન હતાં.

ભોગ બનનારને વધુ શારીરિક તપાસ માટે ગાયનેક વિભાગમા રીફર કરતાં ત્યાં ડૉ.તુષાર શાહના યુનિટ(એન.એ.એસ.યુનિટ)મા તે જ દિવસે દાખલ કરવામા આવેલાં અને તા.૧૯/૦૭/૨૦૦૭ ના રોજ ડિસ્ચાર્જ આપવામા આવેલ. આ દરમ્યાન ડૉ.તુષાર શાહ દ્વારા તપાસવામા આવેલ જેમાં ભોગ બનનારને સૌપ્રથમ માસિક ૧૧ વર્ષની ઉંમરે આવેલ. છેલ્લુ માસિક તા.૨૪/૦૭/૨૦૦૭ ના રોજ આવેલું અને ભુતકાળમા માસિક દર મહિને આવતુ હતું જે પાંચ દિવસ રહેતુ હતું જે નિયમિત હતું. ગુપ્તભાગે તપાસ કરતાં યોનિપટલ એક થી વધારે જગ્યાએ જૂનુ તુટેલુ હતું. ગર્ભાશય સામાન્ય હતું. તેણીની સોનોગ્રાફીની તપાસ સામાન્ય જણાયેલી. ગુપ્તભાગેથી બે વજાઇનલ સ્વોબ લઇને પેથોલોજી વિભાગને શુક્રાણુની હાજરી અને હલનચલન માટેની તપાસ માટે સીલબંધ કવરમાં મોકલી આપેલ. ભોગ બનનારની લાળ, લોહિ, ગુપ્તભાગના વાળ, બે વજાઇનલ સ્વોબ અને સ્મીયર, એક યુરેથ્રલ સ્વોબ અને સ્મીયર લઇ લેબલ લગાડી સીલ વડે સીલ કરી ડબલ્યુ પી.સી. બ.નં.૬૪૦૬નાઓને

સોંપવામા આવેલ. હું આજરોજ મારી સાથે ઓઢવ પોલીસ સ્ટેશન દ્વારા પાઠવેલી યાદી લાવેલ છું. જે હું રજૂ કરૂ છું. જેને રજૂ દાખલ આંકઃ−૨૭ આપવામા આવે છે. હું આજરોજ મારી સાથે ભોગ બનનારનું સારવાર સર્ટીફિકેટની સ્થળ પ્રત લાવેલ છું. જે મારા સ્વહસ્તાક્ષરમાં છે તેમજ તેમા મારા હોદ્દાનું સીલ તથા સહી કરી આપેલ તે જ છે જે હું રજૂ કરૂ છું. જેને રજૂ દાખલ આંકઃ−૨૮ આપવામા આવે છે."

જયારે આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એવું જણાવેલ છે કે," એ વાત ખરી છે કે ભોગ બનનારને મારી પાસે પોલીસ અધિકારી દ્વારા લાવવામા આવેલાં. એ વાત ખરી છે કે ભોગ બનનારની સાથે તેણીના પરિવારના સભ્યો હોસ્પિટલમા આવેલા નહિ. એ વાત ખરી છે કે ભોગ બનનાર સગીર વયના હોવાનું પોલીસ યાદીમા જણાવેલુ તેનાથી મે જાણેલું. એ વાત ખરી છે કે ભોગ બનનારની તપાસ દરમ્યાન તેણીના બાહ્ય કે આંતરિક ભાગમા કોઇ ગંભીર ઈજા જણાયેલી નથી. એ વાત ખરી છે કે ભોગ બનનાર સાથે કોઇ જોર જબરજસ્તી થઇ હોય તેવા પણ કોઇ ચિન્હો મારી તપાસ દરમ્યાન મળી આવેલ નથી. એ વાત ખરી છે કે કોઇપણ સ્ત્રી સાઇકલ ચલાવે કે વધુ શ્રમવાળુ કામ કરે તો યોનિપટલ તુટી શકે. એ વાત ખરી નથી કે ભોગ બનનારે મારા જણાવ્યા મુજબની કોઈ હિસ્ટ્રી આપેલી નથી. એ વાત ખરી નથી કે પોલીસ અધિકારીએ ભોગ બનનારનું જે નિવેદન લખી લીધેલુ તે મે મારા મેડિકલ સર્ટિફિકેટમા હિસ્ટ્રીના રૂપમા લખી લીધેલુ છે."

આમ, આ ડૉકટર શાહેદની જુબાની વંચાણે લેતાં, તેઓની સરતપાસમાં મુખ્યત્વે ભોગ બનનારની શારીરિક તપાસણી કરી, તેણીના

શરીરમાંથી, તેમની જુબાનીમાં જણાવ્યા મુજબના, નમૂનાઓ લઈ પોલીસને સીલબંધ હાલતમાં સોંપી આપેલા છે. ભોગ બનનારની શારીરિક તપાસમાં ભોગ બનનારનાં શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર કોઈ બાહ્ય ઈજાના ચિહ્ન ન હતાં તેમજ ભોગ બનનારનાં શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર લોહિ, કાદવ કે વીર્યના ડાઘ ન હતાં. વધુમાં સરતપાસમાં એવું જણાવેલ છે કે, ભોગ બનનારનાં ગુપ્તભાગે તપાસ કરતાં યોનિપટલ એકથી વધારે જગ્યાએ જૂનુ તુટેલુ હતું. આમ, સરતપાસની સદર હકીકતો જોતાં, ભોગ બનનારનાં શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર કોઈ બાહ્ય ઈજાના ચિહ્ન ન હતાં તેમજ ભોગ બનનારનાં શરીર, કપડા કે ગુપ્તભાગ ઉપર લોહિ, કાદવ કે વીર્યના ડાઘ ન હતાં. આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારની તપાસ દરમ્યાન તેણીના બાહ્ય કે આંતરિક ભાગમા કોઈ ગંભીર ઈજા જણાયેલી નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે ભોગ બનનાર સાથે કોઈ જોર જબરજસ્તી થઈ હોય તેવા પણ કોઈ ચિન્હો તેમની તપાસ દરમ્યાન મળી આવેલ નથી. વધુમાં ભોગ બનનારનાં ગુપ્તભાગે તપાસ કરતાં યોનિપટલ એકથી વધારે જગ્યાએ જૂનુ તુટેલુ હતું તેવું આ શાહેદે સરતપાસમાં જણાવેલ છે, પરંતુ આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એ વાતનો સ્વીકાર કરેલો છે કે, કોઈપણ સ્ત્રી સાઈકલ ચલાવે કે વધુ શ્રમવાળુ કામ કરે તો યોનિપટલ તુટી શકે. તે સંજોગોમાં માત્ર બળાત્કારે સંભોગ કરવાથી જ યોનીપટલ તુટે એવું નથી, યોનીપટલ તુટવાના બીજા પણ ઘણાં કારણો હોય શકે છે, જેમ કે, સાયકલીંગ કરવાથી કે વધુ શ્રમવાળું કામ કરવાથી યોનીપટલ પર દબાણ આવવાથી યોનીપટલ તૂટી શકે છે. તે સંજોગોમાં આ ડૉક્ટર શાહેદની જુબાનીની સદર સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં, આ કામના

આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું મળી આવતું નથી.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે આંક–૧૭ થી શાહેદ નં.૩ તરીકે આરોપીની શારીરિક તપાસણી કરી, આરોપીનાં શરીરમાંથી નમૂનાઓ મેળવી પોલીસને સોંપનાર ડૉકટર – ડૉ. રામલખન નુનમન બરનવાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ શાહેદે તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, "હું તા.૨૨/૦૭/૨૦૦૭ ના રોજ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે કેઝ્યુલિટી મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતો ત્યારે પોલીસ કોન્સ્ટેબલ બક્કલ નં.૭૫૯૬ પી.એસ.આઇ. ઓઢવ પોલીસ સ્ટેશન, અમદાવાદની યાદી સાથે વિજય ઉર્ફે અંગો વનરાજભાઇ દંતાણીને મારી સમક્ષ શારિરીક તપાસ અર્થે લઇ આવેલા. જે યાદી આજરોજ હું મારી સાથે લાવેલ છું જે રજુ કરું છું જેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે. આરોપીની જરૂરી સંમતિ મે ઓ.પી.ડી. કેસ પેપરમાં લીધેલી તેના ઓળખ ચિહ્નોમાં, (૧) જમણા હાથના આગળના ભાગે અંગ્રેજીમાં 'વી' નું ટેટુ માર્ક હતું. (૨) ગરદનના નીચેના ભાગે જમણી બાજુ કાળા તલનું નિશાન હતું. દર્દીને તપાસતા તે સંપૂર્ણપણે સભાન અવસ્થામાં હતો અને સહકાર આપતા હતો. તેણે હિસ્ટ્રી જાતે લખાવેલી કે, "હું ભોગબનનારે છેલ્લા અઢી ત્રણ વર્ષથી ઓળખું છું. બંને જણા પહેલા આજુબાજુ રહેતા હતા અને બંને જણા એકબીજાને પહેલેથી પ્રેમ કરીએ છીએ અને અવારનવાર સાથે ફરવા જતાં હતા. છેલ્લા એક વર્ષથી તેણી સાથે તેની મરજીથી શારિરીક સંબંધ ચાલુ છે. દોઢ માસ પહેલા હું તેણીની મરજીથી રીક્ષા દ્વારા

વાસણા ગયા અને ત્યાં બે–ત્રણ દિવસ ફુટપાથ ઉપર રોકાયા અને બે–ત્રણ દિવસ ભાડાના મકાનમાં રોકાયા. પછી ત્યાંથી બંને જણા ચાંદલોડીયા મહાદેવનગર સોસાયટીમાં ભાડાના મકાનમાં પતિ–પત્નિની જેમ એક માસ સુધી રોકાયેલા. તા.૧૦/૦૭/૨૦૦૭ ના રોજ હું કામ કરવા માટે ભુજ ગયેલો અને ભોગબનનાર ભાડાના મકાનમાં જ રોકાયેલી. તા.૧૭/૦૭/૨૦૦૭ ના રોજ હું ભુજથી પાછો આવેલ તો ભોગબનનાર ભાડાના મકાનમાં હાજર ન હતી. આજુબાજુ પુછતાં ખબર પડી કે, ભોગબનનાર પોતાના પિતાના ઘરે જતી રહેલ છે અને તેના પિતાએ પોલીસ ફરીયાદ કરેલી છે. પછી હું તા.૧૯/૦૭/૨૦૦૭ ના રોજ સવારના સાડા દશ વાગ્યે મારા મામી અને મમ્મી સાથે ઓઢવ પોલીસ સ્ટેશનમાં હાજર થયેલો. ઓઢવ પોલીસ મને લઇને આજે સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લાવેલી છે. આ સમય દરમ્યાન મે ભોગબનનારની મરજીથી દરરોજ આશરે બે વખત શરીર સંબંધ બાંધેલો. છેલ્લે તા.૦૯/૦૭/૨૦૦૭ ના રોજ દિવસે શરીરે સંબંધ બાંધેલ." તેની સામાન્ય હિસ્ટ્રી પુછતાં તેને કોઇ શારિરીક તકલીફ ન હતી અને કોઇ ઓપરેશન કરાવેલું ન હતું. તેનો બાંધો સામાન્ય હતો. તેના દ્વિતીય જાતિય અવયવો વિકસીત હતા. તેના શરીર ઉપર કપડા ઉપર કે ગુપ્ત ભાગે કોઈ બાહ્ય ઈજાના નિશાન તેમજ લોહી, કાદવ કે વિર્યના ડાઘ ન હતા. તેના ગુપ્ત ભાગે વાળ ચોંટેલા ન હતા. તેના ગુપ્ત ભાગ ઉપર સ્મેગ્માની હાજરી મળેલી ન હતી. તેના ગુપ્ત ભાગની ચામડી સરકતી હતી. તેના શરીર ઉપરથી લોહી, લાળ, ગુપ્ત ભાગના વાળ, વિર્ય તેમજ ગ્લાન્સ વોશને મેળવેલા અને પોલીસ કોન્સ્ટેબલ બક્કલ નં.૭૫૯૬ ને સોંપેલા. આરોપીને માનસિક રોગોના નિષ્ણાંત પાસે રીફર કરવામાં આવેલા અને તેનું કાઉન્સેલિંગ કરવામાં આવેલું.

તેને કોઇ દવા આપવાની જરૂરત જણાયેલી નહીં. આજરોજ હું મારી સાથે મે આપેલ આરોપીના સારવાર સર્ટીની સ્થળપ્રત લાવેલ છું જેમાં મારી સહી તથા છાપેલો હોદ્દો છે જે હું ઓળખી બતાવું છું. બચાવપક્ષને આંક આપવા સામે વાંધો નથી જેને રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે."

જ્યારે આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એવું જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે, આરોપીના શરીર ઉપર કોઇ ઝપાઝપી કે ઈજાના નિશાનો ન હતા. એ વાત ખરી નથી કે, પોલીસની યાદી જોઇને મે મારી જાતે હિસ્ટ્રી લખી લીધેલી."

આમ, આ ડૉકટર શાહેદની જુબાનીની હકીકતો લક્ષમાં લેતાં, આરોપીનાં શરીર ઉપર કપડા ઉપર કે ગુપ્ત ભાગે કોઇ બાહ્ય ઈજાના નિશાન તેમજ લોહી, કાદવ કે વિર્યના ડાઘ ન હતા. વધુમાં, આ ડૉકટર શાહેદે આરોપીનાં શરીરમાંથી નમૂનાઓ લઈ પોલીસને સોંપી આપેલા છે. તે સંજોગોમાં આ ડૉકટર શાહેદની જુબાની ઉપરથી પણ આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું કશું મળી આવતું નથી.

(૧૯) આમ, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા ઉપરોક્ત બન્ને ડૉકટર શાહેદોએ અનુક્રમે ભોગ બનનાર તથા આરોપીની શારીરિક તપાસણી કરી, તેઓના શરીરમાંથી, તેમની જુબાનીઓમાં જણાવ્યા મુજબના, નમૂનાઓ લઈ પોલીસને સીલબંધ હાલતમાં સોંપી આપેલા છે. આ નમૂનાઓ તપાસ કરનાર અમલદાર દ્વારા પૃથક્કરણ માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલા છે અને જેનો પૃથક્કરણ અહેવાલ એફ.એસ.એલ. દ્વારા તપાસ કરનાર અમલદારને

સોંપવામાં આવેલો છે. આ કામે ફરિયાદ પક્ષે રજૂ થયેલ આંક–૩૬ વાળો એફ. એસ. એલ.નો મુદ્દામાલ પૃથક્કરણનો અહેવાલ વંચાણે લેવામાં આવે તો, ભોગ બનનારનાં શરીરમાંથી લેવામાં આવેલ નમૂનાઓ જી૩એ થી જી૩એફ – વજાયનલ સ્વોબ, યુરેથ્રલ સ્વોબ, વજાયનલ સ્મીયર અને યુરેથ્રલ સ્મીયર ઉપર રુધિર મિશ્રીત વિર્યની હાજરી મળી આવેલ છે. સીરોલોજી વિભાગનાં પૃથક્કરણનાં પરિણામો જોતાં, તેમાં નમૂનો જી/૧ તે ભોગ બનનારનું બ્લડ છે, જેનું રુધિરનું જૂથ 'બી' દર્શાવેલ છે અને એચ/૧ તે આરોપીનું બ્લડ છે, જેનું રુધિરનું જૂથ 'ઓ' દર્શાવેલ છે. સદર નમૂનાઓ જી/૩એ થી જી/૩એફ સુધીના નમૂનાઓમાં રુધિર મિશ્રીત વિર્ય દર્શાવેલ છે, જેમાં નમૂના જી/એ૩, જી/૩બી અને જી/૩સી માં રુધિરનું જૂથ 'બી' દર્શાવેલ છે, જે અગાઉ ચર્ચા કર્યા મુજબ ભોગ બનનારનું રુધિરનું જૂથ છે. નમૂનાઓ જી/૩ડી, જી/૩ઈ અને જી/૩એફ માં રુધિર મિશ્રીત વિર્ય દર્શાવેલ છે, જેનું રુધિરનું જૂથ 'અનિર્ણીત' દર્શાવેલ છે. તે સંજોગોમાં ભોગ બનનારનાં લેવામાં આવેલા સદર નમૂનાઓમાં આરોપીનાં રુધિરની હાજરી મળી આવેલ નથી. ભોગ બનનારનાં શરીરમાંથી લેવામાં આવેલા અગાઉ ચર્ચા કર્યા મુજબના નમૂનાઓ જી૩એ થી જી૩એફ સુધીના નમૂનાઓમાં રુધિર તેમજ માનવ વિર્યની હાજરી મળી આવેલ છે, પરંતુ ઉપર ચર્ચા કર્યા મુજબની વિગતે સદર નમૂનાઓમાં ત્રણ નમૂનાઓમાં રુધિરનું જૂથ ભોગ બનનારનું છે અને ત્રણ નમૂનાઓમાં રુધિરનું જૂથ અનિર્ણીત છે. માનવ વિર્યની હાજરી મળી આવેલ છે, પરંતુ ફરિયાદીની જુબાની તથા ભોગ બનનારની જુબાનીમાંથી, અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે , આ કામના આરોપીએ ફરિયાદીની ભોગ બનનાર દીકરીને લલચાવી, ફોસલાવી, ફરિયાદીનાં

વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે ભગાડી લઈ ગયેલ હોય કે ભોગ બનનાર ઉપર તેણીની મરજી વિરૂદ્ધ અલગ –અલગ સમયે બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું લેશમાત્ર મળી આવેલ નથી. તે સંજોગોમાં ખુદ ફરિયાદી તથા ભોગ બનનાર જ આંક–૧૩ વાળી ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, તેઓ બન્નેને ફરિયાદ પક્ષ તરફે ફરી ગયેલા શાહેદો તરીકે જાહેર કરવામાં આવેલ હોય અને વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ કોઈ ફળદાયક હકીકતો જણાવેલ ન હોય ત્યારે, આંક–૩૬ વાળો પૃથક્કરણ અહેવાલ તે વૈજ્ઞાનિક પુરાવો હોઈ, સદર વૈજ્ઞાનિક પુરાવાને મૌખિક પુરાવાથી, એટલે કે, ભોગ બનનારની જુબાનીથી, ફરિયાદીની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું ન હોય, માત્ર આવા વૈજ્ઞાનિક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને હાલના ગુનામાં દોષિત ઠરાવી શકાય નહીં.

(૨૦) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૩૦ થી શાહેદ નં.૭ તરીકે તપાસ કરનાર અમલદારની સાથે જે તે સમયે નોકરી કરનાર પી.એસ.ઓ. અંદરસિંહ દાજીસિંહ બારીઆને સોગંદ ઉપર તપાસેલા છે. આ શાહેદની જુબાની લક્ષમાં લેતાં, તપાસ કરનાર અમલદાર શ્રી એમ. કે. બાંભણીયાનું તા.૨૯–૫–૨૦૧૫ ના રોજ અવશાન થયેલું છે. તેઓએ હાલના ગુનાના કામે તપાસ કરનાર અમલદાર શ્રી બાંભણીયાએ તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતા હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે. પરંતુ આરોપી તરફેની ઊલટતપાસમાં આ શાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ગુનો રજિસ્ટર કરી ત્યારબાદ તપાસ કરનાર અમલદારને કેસ કાગળો પરત કરેલ તે સિવાય

તેમણે કોઇ બીજી કોઇ કામગીરી કરેલ નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ ગુનાની ફરિયાદ તેમણે લીધેલી નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ ગુનાની તપાસ તેમણે કરેલી નથી કે તપાસની કાર્યવાહીમાં તેઓ તપાસ કરનાર અમલદારની સાથે હાજર ન હતા. તે સંજોગોમાં આ શાહેદની આરોપી તરફેની ઊલટતપાસની આ સ્વીકૃત હકીકતો લક્ષમાં લેતાં, ગુનો રજિસ્ટર કરી ત્યારબાદ તપાસ કરનાર અમલદારને કેસ કાગળો પરત કરેલ તે સિવાય તેમણે કોઇ બીજી કોઇ કામગીરી કરેલ નથી. આ ગુનાની ફરિયાદ તેમણે લીધેલી નથી. **આ ગુનાની તપાસ તેમણે કરેલી નથી કે તપાસની કાર્યવાહીમાં તેઓ તપાસ કરનાર અમલદારની સાથે હાજર ન હતા**. તે સંજોગોમાં આ શાહેદે આ ગુનામાં માત્ર ગુનો રજિસ્ટર કર્યા સિવાય કોઈ કામગીરી કરેલ ન હોય , ફરિયાદ તેમણે લીધેલ ન હોય અને તપાસ તેમણે કરેલ ન હોય તેમજ તપાસની કાર્યવાહીમાં તપાસ કરનાર અમલદાર શ્રી બાંભણીયા સાથે તેઓ હાજર રહેલ ન હોય, તેઓને તપાસની કામગીરી અંગે કોઈ જાતમાહિતી ન હોય, તેઓ માત્ર રેકર્ડ આધારે તેમની જુબાની આપેલ હોવાનું મળી આવે છે. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરતા પુરાવા મળતા હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે, પરંતુ, અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે , આ કામના ફરિયાદી તથા ભોગ બનનાર ફરી ગયેલા હોય, તેઓની જુબાનીઓથી આંક–૧૩ વાળી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળેલ ન હોય, પંચ શાહેદો પણ ફરી ગયેલા હોય, તે સંજોગોમાં માત્ર આ પોલીસ શાહેદની જુબાની ઉપર આધાર રાખીને આરોપીને સજા કરી શકાય નહીં.

(૨૧) આ કામે આંક–૧૪ થી રજૂ થયેલ ભોગ બનનારનાં શાળા છોડ્યાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ વંચાણે લેતાં, ભોગ બનનારની જન્મ તારીખ ૬–૨–૧૯૯૨ દર્શાવેલી છે અને હાલનો બનાવ તા.૧૦–૬–૨૦૦૭ ના રોજ બનેલ છે; તે સંજોગોમાં બનાવ સમયેની ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ, ૪ માસ, ૪ દિવસ થાય છે. તેથી બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હતી તે ફલિત થાય છે. પરંતુ, અગાઉ ચર્ચા કર્યા મુજબની વિગતે, આ કામના ફરિયાદી તથા ભોગ બનનાર ફરી ગયેલા હોય, તેઓની જુબાનીઓથી આંક–૧૩ વાળી ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન મળેલ ન હોય, પંચ શાહેદો પણ ફરી ગયેલા હોય, તે સંજોગોમાં ફરિયાદ પક્ષ આ કામના આરોપી ભોગ બનનારને ફરિયાદીનાં કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયેલા હોય કે ભોગ બનનારની મરજી વિરૂદ્ધ અલગ–અલગ સમયે ભોગ બનનાર ઉપર બળાત્કારે સંભોગ કરેલ હોય તેવું રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ :</u>–**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી વિજય ઉર્ફે અંગો સન ઑફ વનરાજ લાખાભાઈ દંતાણીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનાઓમાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ પાવતીઓમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ કિંમત વગરનો હોઈ, અપીલ સમય બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીનાં જામીનખત રદ્દ કરવામાં આવે છે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે જો અપીલ થાય તો આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સીક્યોર કરવા માટે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નાં જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૭ મી, માહે–મે, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૧૭/૦૫/૨૦૨૩

(**હરેશકુમાર હિંમતલાલ ઠક્કર**)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૬,
અમદાવાદ શહેર
(યુનિક કોડ નં. GJ00533)

એમ.ડી.ચાવડા